# Career Counselling & Development Centre
## Saurashtra University, Rajkot

Ground Floor, CCDC Building, B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

Re-Accredited Grade **A** by NAAC

**CCDC**

Dr. N.A. SHAH
Co-Ordinator


Ref.: ---
Date: 20/03/2019

---

## પ્રેસનોટ

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરિયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) દ્વારા ૬,એપ્રિલ, ૨૦૧૯ થી જી.પી.એસ.સી. કલાસ ૧ અને ૨ ની પરીક્ષાનાં વિકેન્ડ કોચીંગ વર્ગોનું આયોજન...

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સી.સી.ડી.સી.નાં માધ્યમથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અનેક વખત રેકોર્ડબ્રેક સફળતા મારફત સરકારી નોકરીઓ મેળવી છે. સી.સી.ડી.સી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મારફત ૩૦ થી ૩૦૦ કલાકના નિયમીત તાલીમવર્ગો મારફત જી.પી.એસ.સી., ગુજરાત ગૌણ સેવા, તલાટી, શિક્ષક અભિયોગ્યતા કસોટી, આઈ.બી.પી.એસ., સ્ટાફ સિલેકશન વગેરે રાજય તેમજ કેન્દ્ર કક્ષાની મહતમ પરીક્ષાઓની તાલીમ નિષ્ણાંત તજજ્ઞો રાઉન્ડ ધી કલોક આયોજનો, સમૃદ્ધ લાયબ્રેરી અને સમયાંતરે સચોટ કાર્યશાળાઓના આયોજનથી ચલાવવામાં આવે છે અને ઉતરોતર તાલીમાર્થીઓ મારફત સીમાચિહ્‌ન સફળતાઓ પ્રાપ્ત થયેલ છે. સી.સી.ડી.સી. દ્વારા GPSC CLASS 1 & 2 (PRELIMS) નવા ફોરમેટ મુજબ પરીક્ષાર્થીઓને તૈયારી માટે અને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી આગામી ૬,એપ્રિલ, ૨૦૧૯ થી જી.પી.એસ.સી. કલાસ ૧ અને ૨ ની પરીક્ષાનાં વિકેન્ડ કોચીંગ વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. સી.સી.ડી.સી. ના માધ્યમથી ઉપરોકત પરીક્ષામાં સફળતા મળે તે પ્રકારે સિલેકટેડ ટોપીક જેવા કે, ઈતિહાસ, સાંસ્કૃતિક વારસો, બંધારણ, પંચાયતી રાજ, જાહેરનીતી અને શાસન, ભારતની વિદેશી નિતી, ભારતીય અર્થતંત્ર અને આયોજન, ભૂગોળ, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાન્ય બૌદ્ધિક ક્ષમતા અને કરન્ટ અફેર્સની વગેરેની સઘન તાલીમ આપવામાં આવનાર છે.

ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ **તા. ૫,એપ્રિલ, ૨૦૧૯** સુધીમાં સી.સી.ડી.સી. બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા, ગ્રેજ્યુએશન માર્કશીટ, આઈ.ડી.પ્રુફ અને લીવીંગ સર્ટીફીકેટ સાથે લાવવાનું રહેશે. આ તાલીમ વર્ગ માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ રૂબરૂ અથવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની વેબસાઈટ પરથી પણ મળી શકશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.
આભાર સહ,

for, Sumit

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat).